।। णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स।।

।। आयओ गुरुबहुमाणो ।।

# ચૈત્ર સુદ તેરસ

શ્રમણ ભગવાન શ્રીમહાવીરસ્વામી

જન્મ કલ્યાણક પર્વ

## પ્રિયમ્


अहो श्रुतम्

**બાબુભાઈ – અમદાવાદ**

**મો. +91 9426585904**

ahoshrut.bs@gmail.com



ચૈત્ર, વિ.૨૦૭૭, એપ્રિલ, ૨૦૨૧

# * પર્વની આરપાર *

ચૈત્ર સુદ તેરસે
પ્રભુનો જન્મ થયો
માટે જ આ દિવસે
અનેરી ઊર્મિઓનો ય
જન્મ થયા કરે છે.
એક ઊર્મિ એવી જાગે
કે શું આપણે
ચૈત્ર સુદ તેરસને
કે પ્રભુના જન્મને
બરાબર સમજ્યા છીએ ખરા ?

**આપણને લાગે છે**
**કે આપણને કડકડાટ**
**ને સડસડાટ**
**પ્રભુની કથા આવડે છે**
**પણ**
**એ કેટલી સ્થૂલ, ભૌતિક,**
**ને ઉપલક આવડે છે**
**એનો વિચાર આપણે**
**કદી કર્યો ખરો ?**
આપણને છબછબિયા કરવા ગમે
છે... ફાવે છે...

ને માટે આપણે
કર્યા પણ કરીએ છીએ,
પણ આપણને મરજીવા થવાનો
વિચાર સુદ્ધા નથી આવતો.
ને માટે જ
આપણે તાત્ત્વિક દૃષ્ટિએ
નથી તો ચૈત્ર સુદ તેરસ
સુધી પહોંચી શકતા,
નથી જન્મ કલ્યાણકને સમજી
શકતા ને નથી
પ્રભુને ય સમજી શકતા.

**પ્રભુની ચૈત્ર સુદ તેરસ**
**અઢી હજાર વર્ષ**
**પહેલા આવી હતી,**
**આપણી આપણે ઈચ્છીએ**
**ત્યારે આવી શકે છે.**

આમ જોઈએ તો લગભગ
આપણી ઉંમર જેટલી
ચૈત્ર સુદ તેરસ આવી ગઈ છે,
હજી ઊંડાણમાં જઈએ
તો અનાદિ ભવ યાત્રામાં
અનંતી ચૈત્ર સુદ તેરસ

આવી ગઈ છે.
હજી ઊંડાણમાં જઈએ
તો આજ સુધી
આપણી એક પણ
ચૈત્ર સુદ તેરસ નથી આવી.
**ચૈત્ર સુદ તેરસ**
**એ ફક્ત તિથિ નથી**
**એ ફક્ત એક દિવસ નથી,**
**એ ફક્ત**
**પંચાગમાં છપાયેલી શાહી નથી.**
**એ ફક્ત**

**વરઘોડો નીકળી જાય**
**ને લાડુ વહેંચાઈ જાય**
**એટલી જ ઘટના નથી.**
**ચૈત્ર સુદ તેરસ**
**એટલે**
**પ્રભુનું પ્રાગટ્ય.**
ફક્ત ઈતિહાસ રૂપે જ નહીં,
વર્તમાન
અને ભવિષ્યરૂપે પણ.
ફક્ત ભૌતિક રૂપે જ નહીં
આધ્યાત્મિક રૂપે પણ.

ફક્ત વ્યવહાર કે
વહેવાર રૂપે જ નહીં.
નિશ્ચયરૂપે પણ,
ફક્ત ભગવાન મહાવીરના
પક્ષે જ નહીં,
આપણા પક્ષે પણ.
**ઓડિટોરિયમની સીટ પરથી તો**
**પ્રભુને બહુ જોયા,**
**ચાલો,**
**હવે સ્ક્રીનની અંદર જઈએ,**
**પ્રભુને સમીપથી જોઈએ.**

**પ્રભુની તદ્દન સમીપ જઈએ,**
**પ્રભુને ભેટી જ પડીએ**
**ને હજી આગળ વધીને**
**પ્રભુમાં ભળી જઈએ,**
જ્યાં સુધી ભેદ છે,
ત્યાં સુધી
આપણી ભક્તિ અધુરી છે,
ત્યાં સુધી
ચૈત્ર સુદ તેરસ અધુરી છે.
ત્યાં સુધી
જન્મકલ્યાણકની

ઉજવણી પણ અધુરી છે.

**આપણી ભીતરમાં પ્રભુ પ્રગટે**
**એ આપણી**
**ખરી ચૈત્ર સુદ તેરસ.**
**એ નૈશ્ચયિક જન્મ કલ્યાણક.**
**એ આધ્યાત્મિક મહાવીરનો જન્મ.**

આપણે ઈચ્છીએ
તો કોઈ પણ તિથિ
ચૈત્ર સુદ તેરસ બની શકે છે,
આપણે ન ઈચ્છીએ
તો

ચૈત્ર સુદ તેરસ પણ
ચૈત્ર સુદ તેરસ બની શકતી નથી.
**ચૈત્ર સુદ તેરસ**
**એ પ્રભુનું જન્મ પર્વ છે**
**એથી વધુ**
**એ જાતને ઢંઢોળવાનું પર્વ છે,**
**ભીતરમાં પ્રભુને**
**ખોળવાનું પર્વ છે**
**ને કોઈ પણ ભોગે**
**અનંત કર્મોના ગર્ભમાં**
**આવરાયેલા પ્રભુને**

**અનાદિકાલીન - ગર્ભકેદમાંથી**
**મુક્ત કરવા માટેનું**
**પર્વ છે.**

છેલ્લી વાત,
અહીં કહેલ પ્રત્યેક વાત
નયવિશેષ છે,
તેને તે સ્વરૂપે જ જોઈ
તેનું તાત્પર્ય સમજી
આત્મહિત માટે તેને
ઉપયોગી બનાવશો.
આ પ્રયાસ એના માટે જ છે.

બાકી તો -
**संसारम्मि असारे**[1] - આની ય
અનુપપત્તિ
**संसारसारं त्रयमेतदेव**[2] -
આના દ્વારા ઉપજાવી શકાય છે.
જો કે સુજ્ઞ વાચકોને
આવી ભલામણ કરવાની
જરૂર નથી.
**આપણા સૌના જીવનમાં**
**શીઘ્રાતિશીઘ્ર**

---

૧. વૈરાગ્યશતક ૨. હૃદયપ્રદીપ

**ચૈત્ર સુદ તેરસ આવે**
**અને આપણે સૌ આપણને**
**જન્માભિનંદન આપીએ**
**એ જ શુભેચ્છા સહ**

વિરમું છું.

પરમ તારક પરમ શ્રદ્ધેય
શ્રી જિનાજ્ઞા વિરુદ્ધ લખાયું હોય
તો મિચ્છામિ દુક્કડમ્.

ચૈત્ર સુદ તેરસ, વિ.૨૦૭૭,
શ્રી ભીડભંજન પાર્શ્વનાથ જૈન સંઘ,
ગોદાવરી, વાસણા, અમદાવાદ.

## ભૌતિક ચૈત્ર સુદ તેરસ

સિદ્ધાર્થ રાજા અને ત્રિશલા
રાણીના નંદન સ્વરૂપે પ્રભુએ
ક્ષત્રિયકુંડ નગરમાં જન્મ લીધો.

## આધ્યાત્મિક ચૈત્ર સુદ તેરસ

હૃદય સિદ્ધાર્થ રાજા બને
ચિત્તવૃત્તિ ત્રિશલા રાણી બને
આશય ક્ષત્રિયકુંડ નગર બને
એટલે પ્રભુ એમાં જન્મ
લેવાના જ છે.

## ભૌતિક ચૈત્ર સુદ તેરસ

આખી પૃથ્વી પરના ઉપવનો
ફૂલોથી લચી પડ્યા ત્યારે
પ્રભુએ જન્મ લીધો હતો.

## આધ્યાત્મિક ચૈત્ર સુદ તેરસ

સમગ્ર જીવનની ધરતી
સદ્‌ગુણોના ઉપવનથી
મઘમઘાયમાન
બની જાય તો પ્રભુ એમાં
જરૂર જન્મ લેશે.

## ભૌતિક ચૈત્ર સુદ તેરસ

સોના-ચાંદી-હીરાની ખાણોમાં
સોના-ચાંદી-હીરા ઉભરાવા
લાગ્યા ને પ્રભુએ જન્મ લીધો.

## આધ્યાત્મિક ચૈત્ર સુદ તેરસ

ભીતરમાં શાસનસંવેદનાનું સોનું છલકશે.
શાસનચાહનાની ચાંદી છલકશે ને
શાસનના નામે કૂદી પડવાની
હિંમતના હીરા ઉભરાશે
તો પ્રભુ જરૂર જન્મ લેશે.

## ભૌતિક ચૈત્ર સુદ તેરસ

ધરતી સુદ્ધાએ જાણે
શ્વાસ લીધો
ને પ્રભુ જન્મ્યા.

## આધ્યાત્મિક ચૈત્ર સુદ તેરસ

આંતરચેતનામાં
શાસનસ્નેહનો
શ્વાસ પ્રવેશશે
તો પ્રભુ જરૂર
જન્મ લેશે.

## ભૌતિક ચૈત્ર સુદ તેરસ

કેટકેટલા રાજાઓ વશ

થઈ ગયા

ને પ્રભુ જન્મ્યા.

## આધ્યાત્મિક ચૈત્ર સુદ તેરસ

ક્રોધ-કામ-અભિમાન-

કપટ-લોભ વગેરે

આંતરશત્રુઓને કાબુમાં લઈશું

તો પ્રભુ જરૂર

જનમશે.

## ભૌતિક ચૈત્ર સુદ તેરસ

પવન જમીનને સ્પર્શીને
વા'વા લાગ્યો
ને પ્રભુએ જન્મ લીધો

## આધ્યાત્મિક ચૈત્ર સુદ તેરસ

પ્રભુપ્રીતિનો પવન
આત્મધરતીને
સ્પર્શવા લાગે
તો પ્રભુ જરૂર
જન્મ લેશે.

## ભૌતિક ચૈત્ર સુદ તેરસ

પંખીઓ જયસૂચક
મંગળ શબ્દો બોલતા હતા
ને પ્રભુએ જન્મ લીધો.

## આધ્યાત્મિક ચૈત્ર સુદ તેરસ

મોહરાજાનો પરાજય કરનારા
જિનવાણીના મંગળ શબ્દો
જીવનમાં ગુંજવા લાગશે
તો પ્રભુ જરૂર
જન્મ લેશે.

## ભૌતિક ચૈત્ર સુદ તેરસ

જ્યોતિષચક્રમાં ગ્રહો
ઉચ્ચ સ્થાનમાં આવ્યા
ને પ્રભુ જન્મ્યા.

## આધ્યાત્મિક ચૈત્ર સુદ તેરસ

ચિત્તચક્રમાં ભાવો
ઉચ્ચ સ્થાનમાં આવશે
તો પ્રભુ
જરૂર જનમશે.

## ભૌતિક ચૈત્ર સુદ તેરસ

દિશાઓ ઝળાહળા થઈ ગઈ
ને પ્રભુ જન્મ્યા

## આધ્યાત્મિક ચૈત્ર સુદ તેરસ

જિનશાસન એ જ
આપણી ઝળહળતી દિશા બની જાય
ને આપણી બધી દિશા
એ જ દિશા બની જાય
તો પ્રભુ જરૂર જનમશે.

## ભૌતિક ચૈત્ર સુદ તેરસ

ઉલ્કાપાત, ધરતીકંપ વગેરે
કોઈ ઉપદ્રવો ન હતા ને
પ્રભુએ જન્મ લીધો.

## આધ્યાત્મિક ચૈત્ર સુદ તેરસ

વિષયતૃષ્ણાની ઉલ્કાઓ ન પડે
ને કષાયોના
ધરતીકંપો ન થાય
તો પ્રભુ જરૂર
જન્મ લેશે.

## ભૌતિક ચૈત્ર સુદ તેરસ

ખેતરો ધાન્યાદિથી
લચી પડ્યા
ને પ્રભુએ જન્મ લીધો.

## આધ્યાત્મિક ચૈત્ર સુદ તેરસ

આત્મક્ષેત્ર
ધર્મ-ધાન્યથી
ધન્ય ધન્ય થઈ જાય
એટલે પ્રભુએ એમાં
અવતરવું જ પડશે.

## ભૌતિક ચૈત્ર સુદ તેરસ

આખી સૃષ્ટિમાં સુકાળ
ને આરોગ્ય પ્રવર્તતા હતા
ને પ્રભુ જન્મ્યા.

## આધ્યાત્મિક ચૈત્ર સુદ તેરસ

પાપનો દુ-કાળ મટી જાય
ને આરાધનાનું આરોગ્ય
મળી જાય,
તો પ્રભુ જનમવાના
જ છે.

## ભૌતિક ચૈત્ર સુદ તેરસ

વસંતોત્સવ
આનંદની લ્હાણી કરી રહ્યો હતો
ને પ્રભુએ જન્મ લીધો.

## આધ્યાત્મિક ચૈત્ર સુદ તેરસ

જીવનમાં
વૈરાગ્યની વસંત ઉત્સવ
બનીને પાંગરશે
તો પ્રભુ
જરૂર જન્મ લેશે.

## ભૌતિક ચૈત્ર સુદ તેરસ

આખું ય વિશ્વ
સુખની પ્રસાદી પામ્યું
ને પ્રભુએ જન્મ લીધો

## આધ્યાત્મિક ચૈત્ર સુદ તેરસ

સમગ્ર વિશ્વના ષટ્કાયના
સમસ્ત જીવોને આપણા તરફથી
કાયમી સુખ-શાતા થઈ જાય
એ દિશા ભણી પગ ઉપાડશું
તો પ્રભુ જરૂર જન્મ લેશે.

## ભૌતિક ચૈત્ર સુદ તેરસ

ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર સાથે
ચન્દ્રનો યોગ થયો
ને પ્રભુ જન્મ્યા

## આધ્યાત્મિક ચૈત્ર સુદ તેરસ

નક્ષત્ર જેવું આપણું શિષ્યત્વ
ઝળકે ને એનો ચન્દ્ર જેવા
સદ્ગુરુ સાથે ભાવ-યોગ થાય
તો પ્રભુ
જરૂર જનમશે.

જીવન-મંદિરમાંથી

બધી જ

ગંદકી ને જંજાળને

દૂર કરીને

એમાં

પ્રભુ મહાવીરનું

અવતરણ કરાવીએ

એ ખરી

ચૈત્ર સુદ તેરસ

વહોરાવ્યા
વિના તો
કેવી રીતે
જમી શકાય ?
આ નયસારની ભાવના
આપણને સ્પર્શે
એ ખરી
ચૈત્ર સુદ તેરસ

હું પાપી.
શ્રમણ ભગવંતો મહાન.
દીક્ષા લેવી છે તો જાઓ
પ્રભુ આદિનાથ પાસે
- આવી મરીચિની સંવેદના
ભીતરમાં રણઝણે
એ ખરી
ચૈત્ર સુદ તેરસ

બસ,

હવે આવા

છેતરામણા ભોગો

ન જોઈએ

આવી વિશ્વભૂતિની ફીલિંગ્સ

અંતરમાં પ્રગટે

એ આપણી ખરી

ચૈત્ર સુદ તેરસ

પિતાજી !
હું છું ને
આપે કષ્ટ લેવું પડે ?
આ ત્રિપૃષ્ઠની
પિતૃભક્તિ
આપણને મળે
એ ખરી
ચૈત્ર સુદ તેરસ.

છ ખંડનું સામ્રાજ્ય

અને ઘાસના છ પૂળા

સમાનાર્થી શબ્દો

બની જાય –

આ પ્રિયમિત્ર ચક્રવર્તીનો વૈરાગ્ય

આપણમાં પ્રગટે

એ આપણી

ચૈત્ર સુદ તેરસ.

છત્રા નગરીનું

જબરદસ્ત સામ્રાજ્ય પણ

તડકો લાગે

અને સંયમજીવન જ

છત્ર છાયા લાગે

આ નંદન રાજાનો સંવેગ

આપણને સ્પર્શે

એ ખરી ચૈત્ર સુદ તેરસ.

એક લાખ વર્ષના
સમગ્ર સંયમપર્યાયમાં
માસખમણથી ઓછું પચ્ચક્ખાણ
કદી પણ નહીં
આ નંદન રાજર્ષિની
તપ પરિણતિ
આપણામાં પરિણમે
એ આપણી
ચૈત્ર સુદ તેરસ

ગર્ભમાં પણ સંપૂર્ણ
સ્થિર થઈ જવાની
પ્રભુની માતૃભક્તિ
આપણને સ્પર્શે
એ આપણી
ચૈત્ર સુદ તેરસ.

છપ્પન દિક્કુમારિકા દેવીઓનું
ને અસંખ્ય ઈન્દ્રાણી વગેરે
દેવીઓનું પરાકાષ્ઠાનું
નૃત્ય પણ
'શૂન્ય' લાગે
આ પ્રભુની પૂર્ણતા
આપણામાં પ્રગટે
એ આપણી
ચૈત્ર સુદ તેરસ.

ભોરિંગ નાગને ફગાવીને

મહાભોરિંગ રાગને ફગાવવાનો

સંકેત આપનાર

બાળ વર્ધમાનનું પરાક્રમ

આપણામાં આવે

એ આપણી

ચૈત્ર સુદ તેરસ.

સાત તાડ જેવડા
રાક્ષસને હરાવી
ચૌદ રાજલોક જેવડા
સંસાર રાક્ષસને
ધોબી પછાડ હાર ખવડાવવાનો
પ્રભુનો સંકેત
આપણામાં સંક્રમે
એ આપણી
ચૈત્ર સુદ તેરસ.

જ્ઞાનનો દરિયો
માતા-પિતાના નિર્દેશથી
ચૂપચાપ ટીપા પાસે જાય,
(પાઠશાળાગમન)
આ પ્રભુની નમ્રતા
આપણને નમાવી દે
એ આપણી
ચૈત્ર સુદ તેરસ.

લગ્ન
છતાં મોહસેના ભગ્ન
ને
માત્ર ‘સ્વ’માં મગ્ન.
પ્રભુની આ પરિણતિ
આપણને મળે
એ આપણી
ચૈત્ર સુદ તેરસ.

દેવ-દેવીઓથી
આકાશ ઢંકાઈ ગયું
ને મનુષ્યોથી ધરતીથી ઢંકાઈ ગઈ
પણ તો ય
જેમનો વૈરાગ્ય બિલકુલ
ન ઢંકાયો એ
દીક્ષા-વરઘોડાનું કેન્દ્ર
આપણું જીવન કેન્દ્ર બની જાય
એ આપણી ચૈત્ર સુદ તેરસ.

હજારો આંખો પોતાને
એકીટશે જોઈ રહી હોય
ને પોતે
એકીટશે
સંયમ-સ્વપ્ન જોઈ રહ્યા હોય
આ પ્રભુની દૃષ્ટિ
આપણી અંજનશલાકા બની જાય
એ ખરી
ચૈત્ર સુદ તેરસ.

જ્યાં
હજારો સ્નેહાશ્રુઓનો અર્થ
ફકત ને ફક્ત
ભવસાગર.
એ પ્રભુ આપણા
વ્યાખ્યાગ્રંથ બને
એ ખરી
ચૈત્ર સુદ તેરસ.

સર્વોત્કૃષ્ટ ઐશ્વર્ય
પરાકાષ્ઠાની નિઃસંગતા
આ ચિત્રે ભલભલાને
ચિત્રવત્ કરી દીધા.
આ ચિત્ર આપણું
ચિત્ર બની જાય
એ આપણી
ચૈત્ર સુદ તેરસ.

આખા વિશ્વની
લક્ષ્મીએ એક રૂપ ધર્યું -
ચન્દ્રપ્રભા શિબિકા.
આખા વિશ્વના વૈરાગ્યએ
એક રૂપ ધર્યું -
રાજકુમાર વર્ધમાન.
એ રૂપ આપણું સ્વરૂપ
બની જાય
એ ખરી ચૈત્ર સુદ તેરસ.

પારકા લગેજની
જેમ
પ્રેસિયસ જ્વેલરી
ઉતારતા વર્ધમાન
આપણો પર્યાય બની જાય
એ આપણી
ચૈત્ર સુદ તેરસ.

કેશ અને કષાયોને
મૂળમાંથી ઉખેડી દેવાનું
એમનું જોર
આપણામાં
આવી જાય
એ
આપણી
ચૈત્ર સુદ તેરસ.

બહાર દેવદૂષ્યનો

ને અંદર

સંયમ-ગુણસ્થાનકનો

આપણને ય સ્પર્શ થાય

એ

આપણી

ચૈત્ર સુદ તેરસ.

પવન થંભી ગયો હોય
પંખીઓ સ્તબ્ધ થઈ ગયા હોય
ને પાન પાન જાણે ચકિત થઈને
જોઈ રહ્યા હોય...
એવી સંયમ પ્રતિજ્ઞામાં પરિણત
પ્રભુની મુખમુદ્રા
આપણી મુખમુદ્રા બની જાય
એ આપણી
ચૈત્ર સુદ તેરસ.

જ્ઞાતખંડ-ઉપવનથી
વન-વગડા તરફ જતી
એ ચાલ
આપણી બની જાય
એ ખરી
ચૈત્ર સુદ તેરસ.

સૌ જોતા રહે

ને એ પાછું

વળી ન જુએ

એ એકત્વની અસ્મિતા

આપણું અસ્તિત્વ

બની જાય

એ ખરી

ચૈત્ર સુદ તેરસ.

અડધા દેવદૂષ્યની
એ કરુણાની ધજા
આપણામાં ફરકવા લાગે
એ ખરી
ચૈત્ર સુદ તેરસ.

તારા બળદોથી

મારે શું લેવા-દેવા ?

આવા બચાવમાં - અભણપણું

ને

સમતાથી સહવામાં -

અજોડ વિદ્વાનપણું

આપણામાં આવી જાય

એ આપણી

ચૈત્ર સુદ તેરસ.

‘‘ઈન્દ્ર !

બોડી–એનીમીને

બોડી–ગાર્ડની

જરૂર હોય ખરી ?’’

આ રણકાર

આપણામાં સંભળાવા લાગે

એ ખરી

ચૈત્ર સુદ તેરસ.

સુરભિ દેહવિલેપનથી
તૂટી પડતા ભમરાઓના ડંખો
આત્માનું એક્યુપંચર લાગે
એવી પ્રભુની સમજણ
આપણને સમજાય
ત્યારે આપણી
ચૈત્ર સુદ તેરસ.

દેવોના દેહવિલેપન કરતા
ઉપસર્ગોનું આત્મવિલેપન
ઊંચી ભક્તિ લાગે...
એવી પ્રભુની લાગણી સાથે
આપણા લગ્ન થઈ જાય
એ ખરી
ચૈત્ર સુદ તેરસ.

વેરવિખેર થતી
દુઈજજંત તાપસની ઝૂંપડી વચ્ચે
થઈ રહેલ
આત્મમહેલનું તોતિંગ ચણતર
આપણી સ્કીમ બની જાય
એ ખરી
ચૈત્ર સુદ તેરસ.

શૂલપાણિના ઉપસર્ગો
સાવ ભોંઠા પડીને
પોતાને જ તપાસવા લાગ્યા
કે અમે ઉત્સવો તો નથી ને ?
પ્રભુનો આ પ્રતિભાવ
આપણો સ્વભાવ બની જાય
એ ખરી
ચૈત્ર સુદ તેરસ.

ચંડકૌશિકની
જ્વાળા અને ઝેરનું દેવું
કૃપા અને કરુણાથી
ચૂકવવાની પ્રામાણિકતા
આપણામાં આવે
એ ખરી
ચૈત્ર સુદ તેરસ.

જેના માટે
આઠમી નરકની કલ્પના થાય
એને આઠમા દેવલોકે
પહોંચાડી દેવાની
પ્રભુની પહોંચ
આપણી પ્રકૃતિ બની જાય
એ ખરી
ચૈત્ર સુદ તેરસ.

સૌનો બેડો પાર કરનારની
નૈયાને ડુબાડવાની
સુદંષ્ટ્ર દેવની બાલિશતાને ય
વાત્સલ્યથી નવડાવતું માતૃત્વ
આપણામાં ય આવે
એ ખરી
ચૈત્ર સુદ તેરસ.

શાતા ને ભક્તિને
પીઠ કરીને
અશાતાની શોધમાં
અનાર્ય દેશો
તરફ જતા પગલા
આપણા પોતાના હોય
એ ખરી
ચૈત્ર સુદ તેરસ.

હિમ-ધારા છાંટતી
કટપૂતના વ્યન્તરીના ઉકળાટને
ઠારી દેતું એ
હિમ
આપણને ય થીજવી દે
એ ખરી
ચૈત્ર સુદ તેરસ.

શીતલેશ્યાથી
જેને બચાવ્યો
એ જ
તેજોલેશ્યા છોડે,
છતાં કરુણા સિવાય
બીજું કશું જ ન આવડે,
આ અણઆવડત
આપણને ય આવડે
એ ખરી ચૈત્ર સુદ તેરસ.

સંગમ જેવાનો
સંગમ થવા છતાં
આપણા આંસુ
કરુણાના જ હોય
ત્યારે ખરેખર
ચૈત્ર સુદ તેરસ.

વજ્રના દાંતવાળા ઉંદરો
આખા શરીરને પીંખી નાંખે
ને એ જખમોમાં
એસિડ જેવું મૂત્ર કરે,
એવી કાતિલ વેદનામાં ય
કર્મક્ષયોત્સવની અનુભૂતિ
આપણને ય થાય
એ ખરી
ચૈત્ર સુદ તેરસ.

હાથી સૂંઢથી ઉછાળે
ને ધારદાર દાંતોથી
એવી રીતે ઝીલે
કે શરીર ભયંકર રીતે
વીંધાઈ જાય.
છતાં પ્રભુની જેમ આપણે ય
સમતા રસમાં ઝીલી શકીએ
એ ખરેખર
ચૈત્ર સુદ તેરસ.

પૂરેપૂરા દાટી દે
એવો ધૂળનો વરસાદ પણ
કર્મની ધૂળને
ઝાટકીને સાફ કરી દે...
પ્રભુનું આ ચરિત્ર
આપણે ય ભજવી શકીએ
ત્યારે ખરી
ચૈત્ર સુદ તેરસ.

જોતાની સાથે
બેભાન કરી દે એવો
પિશાચ પણ
સમતાની સભાનતાને
ઉની આંચ ન લાવી શકે
આ પ્રભુની મસ્તી
આપણી હસ્તી બને
એ ખરી
ચૈત્ર સુદ તેરસ.

વજ્રમુખી કીડીઓ
શરીરમાંથી એ રીતે આવ-જા કરે
જે રીતે
કપડામાંથી સોય આવ-જા કરે
ને છતાં
મનમાં કોઈ જ સંકલ્પ-વિકલ્પની
આવ-જા ન હોય
એ ખરી
ચૈત્ર સુદ તેરસ.

સંગમના

જંગલી મચ્છરોને એમ લાગે

કે શું આ દૂધ ભરેલું પૂતળું હશે

જેમાં અમારા કરડવાથી

કાણા પડી ગયા !!!

પ્રભુની આ

દ્રવ્ય-ભાવ સ્થિરતા

આપણામાં સ્થિર થઈ જાય

એ ખરી

ચૈત્ર સુદ તેરસ.

સંગમના
વીંછીઓ જાન પટકીને ય
શરીરથી વધુ કશું જ
બગાડી ન શકે
એવું
માઈન્ડ-પ્રિઝર્વેશન
આપણને ય મળે
ત્યારે ખરી
ચૈત્ર સુદ તેરસ.

બધું જ માંસ
ખચાખચ ખવાઈ જાય...
નોળિયાઓ સંગમની સામે
પ્રશ્નસૂચક નજરે જુએ
'બોલો હવે કંઈ બાકી છે ?'
ને સંગમ ધુંધવાઈને વિચારે કે
'ખરું તો બાકી જ છે ને
લાગે છે બાકી જ રહેવાનું છે'
આવી કશું બાકી ન રાખનારી
સહિષ્ણુતા આપણને ય મળે
ત્યારે ખરેખરી ચૈત્ર સુદ તેરસ.

દાંત તૂટી જાય એટલી હદે
બચકા ભરતા ને ભરડા લેતા
સાપો એવા ભોંઠા પડે
ભાંગી પડે ને વિચારે કે
કોણે કોને ઉપસર્ગ કર્યો ?
ને પ્રભુની જેમ
આપણે ય
એમની નોંધ સુદ્ધા ન લીધી
હોય ત્યારે
ખરી ચૈત્ર સુદ તેરસ.

ચૂલો ભલે
પગનો થયો
બળવાના તો
કર્મ જ છે.
ઘી ઢોળાયું ખીચડીમાં...
આવી સ્પષ્ટ પ્રતીતિ
આપણી ય બનશે
ત્યારે થશે
ખરી ચૈત્ર સુદ તેરસ.

ઊપાડી ઊપાડીને
પછાડતો ખર-પવન પણ
છેવટે તો
પૂતળાની જેમ સ્થિર થઈ
આપણને પણ જોવા લાગે
કે
આ છે કોણ ?
ત્યારે ખરી
ચૈત્ર સુદ તેરસ.

ભમરડાની જેમ
ભમાવતા કલંકલિકા પવનમાં
ભવભ્રમણનું
રિવર્સ-એક્શન
આપણને ય દેખાવા લાગે
ત્યારે ખરી
ચૈત્ર સુદ તેરસ.

પર્વતના ય ભુક્કા બોલાવી દે

એવા કાળચક્રના

ગુમાનના ભુક્કા

બોલાઈ જાય

ને

આપણી ય ધ્યાનમગ્નતા

અખંડ રહે

એ ખરી

ચૈત્ર સુદ તેરસ.

અપ્સરાઓને ય
જ્યારે એમ થઈ જાય
કે 'આને એવો મતિભ્રમ(!)
થઈ ગયો છે
કે આપણે ડોશીઓ
કે ડાકણો છીએ'
ત્યારે
આપણી ખરી
ચૈત્ર સુદ તેરસ.

સંગમે વિકુર્વેલું દેવલોક
આપણને જોઈને ય
ઝૂંપડાની જેમ
શરમાઈ જાય
ત્યારે
ખરેખર
ચૈત્ર સુદ તેરસ.

૫ મહિના ને ૨૫ દિવસ
સતત ઉપવાસો થયા,
માંડ માંડ બધા જ
દુર્લભ સંયોગો ભેગા થયા,
ફક્ત આંખમાં આંસું નથી
એટલા મુદ્દે
જ્યારે આપણે ય પાછા ફરશું
ત્યારે હશે આપણી
ચૈત્ર સુદ તેરસ.

બે બદામનો
ગોવાળિયો
ગાળો ભાંડીને
કાનમાં ખિલ્લા ઠોકી દે
ને આપણે ય એવા જ હોઈએ
જાણે કશું બન્યું જ નથી
ત્યારે હશે ખરી
ચૈત્ર સુદ તેરસ.

કરુણા
અને વાત્સલ્યનો
એ મહાસાગર
આપણા હૈયામાં ય
હિલોળા લેવા લાગશે
ત્યારે હશે
આપણી ય
ચૈત્ર સુદ તેરસ.

સમગ્ર વિશ્વને

મોક્ષે લઈ જવાની

અદમ્ય ઈચ્છા

આપણા ય અંતરમાં જાગશે

ત્યારે હશે

ખરેખર

ચૈત્ર સુદ તેરસ.

આપણું ય જીવન
અખંડ ઉપકારવર્ષા
બની જશે
ત્યારે હશે
ખરી
ચૈત્ર સુદ તેરસ.